ગાંધીનગર સમાચાર

દહેગામમાંથી સ્વાઈન ફ્લુનો કેસ મળ્યો

# શૈક્ષણિક સંસ્થાઓમાં હેલ્મેટ વિના ‘નો એન્ટ્રી’ની વિચારણા

**સામાજીક સ્વૈચ્છીક સંસ્થાઓ તથા શૈક્ષણિક સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે એસપીએ બેઠક યોજી : વિદ્યાર્થીઓ-વાલીઓને સંબંધીત સંસ્થાઓ સમજાવશે : જો પરિણામ નહી મળે તો દશ દિવસ બાદ શાળા-કોલેજ બહાર જ પોલીસની ટુકડીઓ ખડકી દઈ દંડ ફટકારવાનું શરૂ કરી દેવાશે : તમામ સંસ્થાઓનો પણ હકારાત્મક અભિગમ**



ગાંધીનગર, તા.૧૨

ટુ વ્હીલર ચાલકોએ હેલ્મેટ ફરજીયાત પહેરવાના આદેશ સાથે ગાંધીનગર એસપીએ ગઈ કાલથી કડક દંડનીય કાર્યવાહી શરૂ કરાવી દીધી છે. દરમિયાન આજે સામાજીક-સ્વૈચ્છીક સંસ્થાઓ તથા શૈક્ષણિક સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે એસપી ઓફીસ સે-૨૭ ખાતે ખાસ બેઠક ગોઠવી આ મામલે વિસ્તૃત ચર્ચા કરી હતી. શાળા કોલેજોમાં હેલ્મેટ વિના આવતા વાલી વિદ્યાર્થીઓને ગેટ પરથી જ ‘નો એન્ટ્રી’ અંતર્ગત પણ વિચારણા કરવામાં આવી છે. સ્ટ્રીકટ ઈમ્પ્લીમેન્ટેશન માટે શું-શું પોલીસ તરફથી કરવું અને શું-શું સંસ્થાઓ તરફથી કરવું તે અંગે પણ ચર્ચાઓ કરવામાં આવી હતી. મોટા ભાગની સંસ્થાઓએ આ કાર્યને આવકારીને હકારાત્મક અભિગમ દાખવ્યો છે અને પોતાની સંસ્થાને સેલ્ફ ડીસીપ્લીન બનાવવા પ્રથમ સંસ્થા સ્વયં પ્રયત્ન કરશે. જો દશ દિવસમાં સકારાત્મક પરિણામ નહીં મળે તો ગેટ પાસે જ પોલીસની ટુકડીઓ ઉભી કરી દેવાશે અને દંડની પાવતીઓ આપી કડક વલણ દાખવવામાં આવશે તેવું સ્પષ્ટ શબ્દોમાં એસપીએ જણાવી દીધું છે.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ સહિત પ્રતિનિધિઓ, કડી સર્વ વિશ્વ વિદ્યાલયના કેમ્પસ ડાયરેકટર, સેંટ ઝેવિયર્સ, માઉન્ટ કાર્મેલ, પીડીપીયુ, જીએનએલયુ તથા ટીસીએસ સહીતની મોટી મોટી સંસ્થાઓના પ્રતિનિધિઓ પણ ડીએસપી ઓફીસ ખાતે મળેલી આ બેઠકમાં હાજર રહ્યા હતા. તમામના સહયોગની અપેક્ષા સાથે એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે બેઠકમાં હેલ્મેટ ફરજીયાત કરાવવા માટે શું-શું સંસ્થાના પ્રતિનિધિ તરીકે કરી શકો? તે અંગે ચર્ચા કરી હતી.

### હેલ્મેટ વગર નિકળેલા ચાલકો પાસેથી બીજે દિવસે પોલીસે અઢી લાખ દંડ વસુલ્યો

**૨૪૮૨ વાહનચાલકો હેલ્મેટ વગર પકડાયા**

ગાંધીનગર શહેરના વિવિધ સર્કલો તથા આસપાસના ટ્રાફીક યુકત સર્કલો પર ટ્રાફીક પોલીસ ઉપરાંત સ્થાનિક પોલીસની ટુકડીઓ દ્વારા બીજે દિવસે હેલ્મેટ વગર ફરતા ૨૪૮૨ વાહનચાલકોને પકડયા છે. ૨૪૮૨ વાહનચાલકો પાસેથી પોલીસે રૂ. ૨,૫૦,૬૦૦ના દંડની વસુલાત કરી છે. નોંધનીય બાબત છે કે આજે સવારથી જ હેલ્મેટ ધારી ટુ-વ્હીલર ચાલકો ખુબ જોવા મળ્યા હતાં.

# સેકટરના આંતરિક માર્ગોની સુધારણા દરખાસ્ત અટવાઈ

**સે-૧ થી ૫ માં માર્ગોની સુધારણા માટે લાંબા સમયથી કામ હાથ ધરવામાં આવ્યુ નથી : મોટાભાગના રસ્તાઓ ઉબડ ખાબડ**

ગાંધીનગર તા ૧૨

શહેરમાં માર્ગ સુધારણાની મોટાભાગની કામગીરી પુર્ણ થઈ ગઈ છે. જયારે શહેરના ઘ માર્ગનુ પણ કામ પુર્ણ કરી દેવામાં આવ્યુ છે. આગામી દિવસોમાં સે-૨૮ જી આઈ ડી સી વિસ્તારમાં પણ માર્ગોની કામગીરી હાથ ધરવામાં આવશે. શહેરના નવ વિકસિત વિસ્તારમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવા પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. સેકટરોના આંતરિક માર્ગોની સુધારણા માટે તંત્ર દ્વારા દરખાસ્ત પણ કરવામાં આવી છે.

શહેરમાં રોડ નેટવર્કને અપગ્રેડ કરવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. શહેરના મુખ્ય ઘ માર્ગ તેમજ રોડનં ૪ બી તેમજ જી આઈ ડી સી વિસ્તારના રસ્તાઓની સુધારણા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.આમછતા હજુ સેકટરોના આંતરિક રસ્તાઓનુ કામ અધુરૂ છે. ત્યારે નવા સેકટરોના રસ્તાઓનુ કામ હાથ ધરવા માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત પણ કરી દેવામાં આવી છે. પરંતુ લાંબા સમયના અંતે પણ વિભાગ કક્ષાએથી દરખાસ્તને મંજુરી ન અપાતા સેકટરોના ઉબડખાબડ માર્ગોની દશા સુધારી શકાઈ નથી. જુના સેકટરોમાં પણ રસ્તાની કામગીરી અધુરી હોવાથી કેટલાક ઠેકાણે માર્ગોની હાલત કફોડી છે. ગત વાઈબ્રન્ટ સમિટ દ્વારા રોડનેટવર્કને ચકાચક બનાવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જયારે માર્ગોના બ્યુટીફિકેશન પાછળ પણ તોતિંગ ખર્ચ કરાયો હતો. પરંતુ આ તબક્કે મોટાભાગના મુખ્ય રસ્તાઓનુ જ કામ હાથ ધરાતા આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવ્યુ ન હતુ. ચોમાસા દરમિયાન પણ નવા સેકટરોના આંતરિક માર્ગોનુ ધોવાણ થયુ છે. ત્યારે સે ૧ થી ૫ ના આંતરિક રસ્તાઓની હાલત પણ ઉબડ ખાબડ બની છે. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા નવા સેકટરોના રસ્તાનુ કામ હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# રાજ્યની નવી આઈટી પોલીસી જાહેર

**વડાપ્રધાનશ્રીના ‘‘ડીઝીટલ ઈન્ડિયા’’ના સંકલ્પને સિદ્ધ કરવા ગુજરાત સજ્જ : ઈન્ફોર્મેશન ટેકનોલોજી (આઈ.ટી.)ના સર્વગ્રાહી વિકાસ દ્વારા ગતિશીલ ગુજરાતની વિકાસગતિ ઓર તેજ બનાવવાનો નિર્ધાર**

ગાંધીનગર, તા. ૧૨

ગતિશીલ ગુજરાતના કર્મમંત્ર સાથે ગુજરાતને વિકાસના નૂતન માર્ગે સતત ગતિશીલ બનાવનારા મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબહેન પટેલે રાજયમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજી ક્ષેત્રનાં સર્વગ્રાહી વિકાસ દ્વારા ગુજરાતને ડિજીટલ સજ્જતા અપાવવાનો દૃઢ નિર્ધાર કર્યો છે. જેના ભાગરૂપે ગુજરાત સરકારે નવી ઈન્ફોર્મેશન ટેકનોલોજી નીતિ જાહેર કરી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડિજીટલ ઈન્ડિયાના સંકલ્પ દ્વારા વિશ્વભરમાં દેશને આઈટી ક્ષેત્રે અગ્રેસર બનાવવા અભિયાન ઉપાડ્યું છે જે અંતર્ગત ગુજરાતે ડિજીટલી સજ્જતા મેળવવા કમર કસી છે. પ્રવક્તા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે આ અંગે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે જાહેર કરેલી નવી પોલીસીને કારણે ઈન્ફોર્મેશન ટેકનોલોજીના સર્વગ્રાહી વિકાસ દ્વારા ગતિશીલ ગુજરાતની વિકાસગતિ ઓર તેજ બનશે.

આઈટીમાં નવીનીકરણને પરિણામે આગામી દશક દરમિયાન વૈશ્વિક સ્તરે મૂલ્ય નિર્ધારણને નવું બળ મળવાનો અંદાજ છે. આના પગલે ક્લાઉડ કોમ્પ્યુટીંગ, મોબાઈલ, સોશિયલ મીડિયા, બિલ ડેટા

● અનુસંધાન પાન-૭ પર




### નવી આઈટી પોલીસીના મહત્વના અંશો

- જમીન ફાળવણી માટે સુવિધા
- આઈ પાર્ક માટે કેપીટલ સબસિડી
- નોંધણી/સ્ટેમ્પ ડયુટીમાં રાહત
- પાવર ટેરિફ અને ઈલેકટ્રીસીટી ડયુટી પર પ્રોત્સાહન
- વ્યાજ સહાય
- યોગ્યતા પ્રાપ્ત અકમોને વેટ/સીએસટી/જીએસટી પર મુડી રોકાણના ૯૦ ટકા સુધી ૮ વર્ષ સુધી વળતર
- ઈપીએફ યોગદાન મારફતે રોજગાર સર્જન માટે પ્રોત્સાહન
- પેમેન્ટ માટે રૂ. ૫ લાખની ટોચ મર્યાદાને આધીન રહીને ૫૦ ટકાના દરે સહાય
- માર્કેટ ડેવલપમેન્ટ સપોર્ટ
- આર એન્ડ ડી સંસ્થાને સહાય
- ગુણવત્તા પ્રમાણીકરણ
- કૌશલ્ય નિર્માણ
- રોકાણકારો માટે સવલતો

# દહેગામમાંથી સ્વાઈન ફ્લુનો કેસ મળ્યો

**જિલ્લામાં દર્દીઓની સંખ્યા ૯ થઈ; ૪ દર્દી ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના દહેગામ શહેરમાંથી આજે સ્વાઈન ફ્લુનો કેસ મળતાં જિલ્લામાં આ રોગના દર્દીઓની સંખ્યા નવ પર પહોંચી છે.

જિલ્લામાંથી છેલ્લા એક માસથી જે રીતે ગ્રામ્ય વિસ્તારમાંથી સ્વાઈન ફ્લુના પોઝીટીવ કેસ મળી રહ્યા છે તેને લઈ આરોગ્ય તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. સતત હવામાનમાં આવી રહેલા બદલાવને પગલે કેસોની સંખ્યામાં હજુ પણ વધારો થવાનો ભય તંત્રને સતાવી રહ્યો છે.

મળતી વિગતો પ્રમાણે દહેગામમાંથી આજે એક ૫૫ વર્ષીય પુરૂષને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયેલ છે. હાલ આ દર્દી અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. તંત્રએ દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સ કરતાં કોઈ શંકાસ્પદ દર્દી મળેલ નથી.

જિલ્લામાં સ્વાઈન ફ્લુના નોંધાયેલ ૯ દર્દી પૈકી ચાર દર્દી હાલ ખાનગી હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે જ્યારે ૧ દર્દી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ૩ દર્દીને સાજા થઈ જતાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જ્યારે ૧ દર્દીનું મૃત્યુ થયું છે.



ટાવર કોલોની - સેક્ટર-૭ ખાતે માર્ગ-મકાન વિભાગ દ્વારા ટાવર કોલોનીની કામગીરી યુદ્ધના ધોરણે આરંભાઈ છે... સરકારી વસાહતોના ઉતારી લેવાયેલા જર્જરિત મકાનોના સ્થાને આકાર લઈ રહેલ ટાવર કોલોનીની કામગીરી રાત-દિવસ ચાલી રહી છે.... અદ્યતન સુવિધા સાથે નિર્માણ પામનાર ટાવર કોલોની સરકારી કર્મચારીઓ માટે આશીર્વાદરૂપ બનશે... (તસવીર : કશ્યપ નિમાવત)

# શહેરી વિસ્તારના ગામોમાં દુવિધાઓનુ ભારે દંગલ

**૩૬ વર્ષે પણ પાણીની લાઇન અપગ્રેડ થઇ નથી : કોર્પોરેશનના બજેટમાં પણ ગામડાઓને ઠેંગો : શહેરી વિસ્તારના ગામોમાં પાણી, ગટર અને રસ્તાના હજુ ઠેકાણા નથી : સરકારની નજર સામે ચાર ડગલા દુર ગામોમાં વિકરાળ સ્થિતિ**

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરના શહેરી વસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં દિવા તળે અંધારૂ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. જે અસર ગ્રસ્ત ખેડુતોની જમીન પર ગાંધીનગર બેઠુ થયુ છે. તેવા ખેડુતો તેમજ આસપાસના ગ્રામજનોને દાયકાઓના અંતે પણ રસ્તા, ગટર અને પાણીની પર્યાપ્ત સુવિધા ઉપલબ્ધ થઈ નથી. શહેરને સ્માર્ટ સીટી બનાવવા સોહામણી વાતો વચ્ચે અડીને આવેલા ગ્રામ્યવિસ્તારમાં દુવિધાઓની ભરમાર છે. ગ્રામજનો તોબા પોકારી ગયા છે. ગ્રામ્ય વિસ્તારમાં રસ્તા અને ગટરની કામગીરી અધુરી હોવાછતા કોઈ આયોજન થતુ નથી. કાર્પોરેશનના કરોડો રૂપિયાના બજેટમાં પણ ગામડાઓમાં માળખાગત સુવિધાઓ ઉભી કરવાના મામલે ઠેંગો દેખાડી દેવાયો છે. પાટનગર યોજના ભવન, કોર્પોરેશન તેમજ જિલ્લા કલેકટરના વહીવટી તંત્રની આંખ સામે જ પાટનગર વિસ્તારના ગામોમાં દુવિધાઓનુ દંગલ સર્જાયુ છે.

સોહામણી યોજનાઓની જાહેરાત વચ્ચે વિકાસની હરણફાળ ભરતા ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવવા અત્યારથી કવાયત હાથ ધરવામાં આવી છે. વિકાસના અનેકવિધ આયામો વચ્ચે હાઈટેક બનતા ગાંધીનગરમાં પ્રોજેકટોની ભરમાર છે. પરંતુ મુખ્યમંત્રીના નિવાસ સ્થાનથી ગણતરીના ડગલા દુર શહેરી વિસ્તારના ગામોમાં સુવિધાઓના નામે મીંડુ છે. અસરગ્રસ્ત ખેડુત મંડળ તેમજ જાગૃત ગ્રામજનો આ મામલે તંત્ર અને સત્તાધીશો સમક્ષ રજુઆતો કરી થાકી ગયા છે. પરંતુ શહેરી વિસ્તારના ગામો બોરીજ પાલજ બાસણ, ધોળાકુવા અને આદિવાડામાં પાણી, ગટર ,અને રસ્તા સહીતની પાયાની સુવિધાઓ માટે વલખા મારવા પડે છે. ગ્રામ્ય વિસ્તારમાં પાણીની લાઈન પણ ૩૬ વર્ષ જુની છે. જયારે હાલની વસ્તી અને વિકાસ મુજબ પાણીની લાઈન અપગ્રેડ કરવાની યોજનાનુ કામ હજુ સુધી હાથ ધરવામાં આવ્યુ નથી.

● અનુસંધાન પાન-૭ પર

# મુખ્યમંત્રી આનંદીબેન આજે મુંબઈ પહોંચશે

અમદાવાદ, તા.૧૨

મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આવતીકાલ શનિવાર તા.૧૩ ફેબ્રુઆરી મુંબઈમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ઉદઘાટિત થનારા મેઈક ઈન ઈન્ડિયા વીક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

આનંદીબેન આ ઉદઘાટન સત્ર અવસરે મુંબઈમાં ફિનલેન્ડના પ્રધાનમંત્રી જુહા શિપીલા અને ફિનલેન્ડના ઉદ્યોગ વેપાર અગ્રણીઓ સાથે ગુજરાતમાં રોકાણો સંદર્ભે મુલાકાત બેઠક પણ યોજવાના છે. ઊદ્યોગના અધિક મુખ્યસચિવ અરવિંદ અગ્રવાલ ઊદ્યોગ કમિશનર મમતા વર્મા, મુખ્યમંત્રીના સચિવ અજય ભાદુ તથા વરિષ્ઠ અધિકારીઓ આ મુલાકાત બેઠકમાં ઉપસ્થિત રહેશે. મુખ્યમંત્રી શનિવારે રાત્રે ગાંધીનગર પરત આવશે.

આઠમી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



આપની હયાતી અમારી પ્રેરણા હતી,
આપના આદર્શ માર્ગદર્શક હતા,
આપનો પરોપકારી સ્વભાવ, નિડરતા,
પ્રમાણિકતા અને સંસ્કારી ગુણોનો
અમુલ્ય વારસો એ જ અમારા ભાવિ
જીવનની મહામુલી મુડી છે.

સ્વ. શ્રી વિષ્ણુપ્રસાદ પુરૂષોત્તમ વ્યાસ
સ્વ. તિથિ મહા સુદ સાતમ-૨૦૬૪ , સ્વ. તા.૧૩-૨-૨૦૦૮

પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના..

યોગેશ વિષ્ણુપ્રસાદ વ્યાસ — દર્શના યોગેશ વ્યાસ
સ્વ.કલ્પના સતિષચંદ્ર ભટ્ટ — સતિષચંદ્ર એસ.ભટ્ટ
જાગૃતિ રાહુલકુમાર મહેતા — રાહુલકુમાર એસ.મહેતા
અમી-વત્સલ-પ્રાચી-ખુશાલી-અદિતી-સમગ્ર વ્યાસ પરીવાર

ફર્મ : લાડલી બ્યુટી કલેકશન, બી-૧૯, ડીસ્ટ્રીકટ શોપીંગ, સે.૨૧, ગાંધીનગર.૯૮૨૪૫૪૪૦૩૬

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧




શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

જગ્યા ભાડે આપવાની છે
સેક્ટર-૨૮, ૧૦૧/૧/૪, જીઆઈડીસી, જલારામ આઈસ ફેક્ટરી સામે, ગાંધીનગર
(૧) બેઝમેન્ટ માપ - ૧૬૫૦ ફૂટ
(૨) ગ્રાઉન્ડ ફ્લોર માપ - ૧૬૫૦ ફૂટ
(૩) પહેલો માળ માપ - ૧૬૫૦ ફૂટ
તથા આગળનો શો-રૂમ માપ : ફૂટ ૯૦૦
સંપર્ક ૯૮૨૪૨ ૩૭૦૦૮

જગ્યા ભાડે આપવાની છે
શ્રી સ્કવેર, પેથાપુર ચાર રસ્તા, પેથાપુર - ગાંધીનગર રોડ
પંપની લાઈનમાં, પેથાપુર
ગ્રાઉન્ડ ફ્લોર - કોર્નર દુકાન
માપ : કારપેટ - ૫૫૦ ફૂટ
સંપર્ક : ૯૮૨૪૨ ૩૭૦૦૮

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com